ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં સતત બીજી રાત્રીએ અઢી ઈંચ વરસાદ

**ગાંધીનગરમાં મોડીરાતે મેઘરાજાએ બઘડાટી બોલાવી : વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં ઠેર ઠેર પાણીનો ભરાવા વચ્ચે ડોકીયા કરતી દુવિધાઓથી રહીશો ત્રસ્ત : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩ ડીગ્રીનો તફાવત છતા ઉકળાટનુ પ્રમાણ વધુ : શહેરમાં સિઝનનો નોંધપાત્ર ૩૭૨ મી મી વરસાદ**







ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં મેઘરાજાએ જમાવટ કરી છે. છેલ્લા બે દિવસથી રાત્રિના સમયે વરસાદી મોસમ નિખરે છે. અગાઉ પણ આખી રાત રીમઝીમ વરસાદ વરસ્યો હતો જયારે ગઈકાલે મોડી રાત્રે મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. રાત્રિના બે કલાકમાં જ અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. જેના લીધે સેકટરોમાં સવારે ઠેર ઠેર વરસાદી પાણી ઉભરતા નજરે પડયા હતા. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૭૨ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધીમાં ૫૦ ટકા વરસાદ થઇ ગયો છે. વરસાદની મોસમમાં સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. સાથે ડગલે ને પગલે દુવિધાઓ ડોકીયા કરતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ જયારે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માંડ ૩ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જો કે વરસાદી વાયરા વચ્ચે પણ નગરજનોએ ઉકળાટનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં ચોમાસાની મોસમે જમાવટ કરી છે. છેલ્લા એક સપ્તાહથી વરસાદી મોસમ છવાયેલી છે. છેલ્લા બે દિવસથી રાત્રિના મેઘમહેરના લીધે સેકટરોમાં સવારે ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. ગઈકાલે મોડી રાત્રે પણ ધોધમાર વરસાદ તુટી પડયો હતો. જેના લીધે સેકટરોમાં નજર નાંખો ત્યાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. શહેરમાં એક સપ્તાહથી આકાશમાં સતત વરસાદી વાદળોની અવરજવર જોવા મળે છે. જયારે એકાંતરે વરસાદી ઝાપટા પણ વરસે છે. બે દિવસ અગાઉ રાત્રિના મેઘરાજા રીમઝીમ વરસ્યા હતા જયારે ગઈકાલે રાત્રિના વરસાદી વાદળો મનમુકીને વરસી પડતા બે કલાકમાં જ ૬૬ મી મી અલબત્ત ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો જેના લીધે સવારના સમયે સેકટરોની શેરીઓ અને મુખ્યમાર્ગો પર ઠેર ઠેર વરસાદી પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. શહેરમાં વરસાદી ભીંજારા વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનો પારો પણ ૪ ડીગ્રી નીચે સરકી ગયો છે. અલબત્ત આજે મહત્તમ તાપમાન ૨૮ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની જેમ ૨૫ ડીગ્રી નોંધાયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. એકબાજુ મેઘરાજાએ જમાવટ કરી છે તો બીજીતરફ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૧૦૦ ટકા આસપાસ રહેતા વરસાદી નઝારો નિખર્યા બાદ પણ નગરજનો આકરો ઉકળાટ

● અનુસંધાન પાન-૭ પર

# માણસામાં સાડા પાંચ ઈંચ વરસાદ

**માણસામાં સોમવારે સવારના ૪ થી ૬ માં સાડા પાંચ ઈંચ વરસાદ પડતાં તાલુકામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ : રાત્રે જિલ્લામાં ભારે વરસાદ પડ્યો : નદીઓ-તળાવોમાં નવા પાણીની આવક થઈ : તંત્રની સતર્કતા અને જનજાગૃત્તિને લઈ માણસામાં ભારે વરસાદ છતાં જાનહાનિ નહિ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સોમવાર સવારના ૪ થી ૬ દરમ્યાન બે કલાકમાં જ સાડા પાંચ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો અને સમગ્ર તાલુકો પાણી પાણી થઈ ગયો હતો.



જિલ્લામાં ગઈ રાત્રે સાર્વત્રિક વરસાદ મન મુકીને વરસ્યો હતો. રવિવારના સવારના ૬ થી સોમવાર સવારના ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકના ગાળામાં જિલ્લામાં સરેરાશ ૩ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં ચારેય તાલુકામાં રાત્રિના સમયે થયેલા વરસાદને પગલે જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સવારે ઉભી થઈ ગઈ હતી અને તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

વહેલી સવારે માણસામાં ભારે વરસાદ થવાની ચેતવણીને લઈ તાલુકાના લાયઝન અધિકારી જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી શ્વેતાબેન પંડ્યા, મામલતદાર, ટી.ડી.ઓ. અને ચીફ ઓફિસરે માણસામાં જરૂરી કામગીરી હાથ ધરી દીધી હતી. જિલ્લા કલેક્ટર હિતેષ કોયા પણ વહેલી સવારથી જ તંત્રની ટીમો અને અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહી માર્ગદર્શન આપતા રહ્યા હતા.

માણસામાં થયેલા ભારે વરસાદને પગલે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ થઈ હતી. ઈટાદરા ગામ તો બેટમાં ફેરવાઈ જવા પામ્યુ હતુ. આ ઉપરાંત લાકરોડા, માણસા શહેર, લીંબોદ્રા સહિતના ગામોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## નવા સેકટરોમાં આજે પણ પુરતા ફોર્સથી પાણી આવશે નહીં

**સરિતા પમ્પીંગ સ્ટેશનમાં વરસાદ દરમિયાન ટ્રાન્સફર્મરમાં શોર્ટ સર્કીટના લીધે ભડાકો થયો : બે ટ્રાન્સફર્મરનુ રીપેરીંગ કામ ચાલુ જો કે હજુ આજે પણ નવા સે- ૧ થી ૧૩ માં પાણી પુરવઠો પ્રભાવિત રહેશે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોથી સેકટરોમાં પાણી પુરવઠો વારંવાર પ્રભાવિત થાય છે. ખાસ કરીને નવા સેકટરોમાં છાશવારે પાણીની બુમ ઉઠવા પામે છે. આજે પણ શહેરના નવા સેકટરોમાં પાણીની બુમરાણ ઉઠી હતી. સરિતા વોટર વર્કસ ખાતે વરસાદ દરમિયાન ગઈકાલે મોડી સાંજે શોર્ટ સર્કીટના લીધે ટ્રાન્સફર્મરમાં ભડાકો થતા સમસ્યા ઉદભવી હતી. જેના લીધે આજે શહેરના નવા સે- ૧ થી ૧૩ માં પુરતા ફોર્સથી પુરતા સમય માટે પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. રહીશોના ઘરોમાં પાણીની ટાંકી અડધી પણ ન ભરાતા સ્થાનિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જો કે ટ્રાન્સફર્મરનુ રીપેરીંગ શરૂ કરી દેવાયુ છે. પરંતુ હજુ મંગળવારે પણ હજુ પુરતા ફોર્સથી પાણી આપી શકાશે નહીં.

ગાંધીનગરમાં આકરા ઉનાળાથી સતત પાણીની પોકાર ઉઠતી રહે છે. ઉનાળાની ગરમીના દિવસોમાં પણ એકબાજુ પાણીનો વપરાશ વધુ હોય તેવા સંજોગોમાં પણ સેકટરોમાં સમયાંતરે પાણીનો કકળાટ રહીશોના રોષનુ કારણ બન્યો હતો. જયારે હાલ ચોમાસાની જમાવટના દિવસોમાં પણ સેકટરોમાં એક યા બીજા કારણોસર સતત પાણીનો પ્રશ્ન સ્થાનિકો માટે હાલાકીનુ કારણ બનતો રહે છે. અગાઉ પણ સરિતા પમ્પીંગ સ્ટેશનના ટ્રાન્સફર્મરમાં અગાઉ પણ સમસ્યા ઉદભવી હતી જેના લીધે શહેરના નવા સેકટરોમાં પાણીની ખેંચ પ્રવર્તી હતી. વારંવાર સેકટરોમાં પાણી પુરવઠાનો સપ્લાય પ્રભાવિત થતા શહેરીજનો આ સમસ્યાથી ગળે આવી ગયા છે. એકબાજુ પાણી અને ગટરની નવી લાઈન નાંખવા સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ

● અનુસંધાન પાન-૭ પર

## મનપાના પબ્લીક હેલ્થ બાયલોઝને સરકારની મંજૂરી મળતાં જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાના જાહેર સ્વાસ્થ્ય બાયલોઝને રાજ્ય સરકારે મંજૂરી આપતાં આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. ૨૦૧૮માં મનપાએ બાયલોઝ બનાવી સરકારને દરખાસ્ત રજુ કરી હતી જેને તાજેતરમાં મંજૂર કરવામાં આવી છે. હવે પબ્લીક હેલ્થ બાયલોઝ-૨૦૧૭ તરીકે આ ગેઝેટની જોગવાઈઓ અનુસાર મનપા પગલાં લેશે.

**હવે રૂ. ૫૦ થી ૫૦ હજાર સુધીનો દંડ 33 જેટલી જુદી જુદી બાબતોમાં મનપાનું તંત્ર વસુલી શકશે**

સરકારે ૩૩ જેટલી બાબતોમાં દંડનીય કાર્યવાહી કરવાની સત્તાઓ મનપાને સોંપી છે. આ બાયલોઝ ૩૦-૬-૨૩થી અમલી બન્યા છે. આ બાયલોઝમાં દંડનીય રકમમાં સુધારા-વધારા કરવાની સત્તા કમિશનરને સોંપવામાં આવી છે.

આ બાયલોઝ ૧૬ પ્રકરણોમાં સમાવવામાં આવ્યા છે. બાયલોઝમાં રૂ. ૫૦ થી લઈ રૂ. ૫૦ હજાર સુધીના દંડની જોગવાઈઓ કરવામાં આવી છે. તંત્ર દ્વારા જારી કરાયેલ બાયલોઝમાં સમાધાન શુલ્ક અને વહીવટીય ચાર્જીસ એમ બે ભાગમાં આ દંડનીય રકમો દર્શાવવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં મનપાની રચના થઈ ત્યાર પછી આ બાયલોઝની દરખાસ્ત મોકલાઈ હતી અને હવે મનપાની હદ વધ્યા પછી તેના અમલીકરણનો માર્ગ મોકળો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરવાની સંભાવનાઓને પગલે તંત્રની ટીમો કામે લાગી

**આજે વધુ ૧૬ એકમોને જીઆઈડીસી વિસ્તારમાં નોટીસો મેલેરિયાતંત્રએ થમાવી : પોરાનાશક કામગીરી હાથ ધરી**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીના યોગ્ય અને ઝડપી નિકાલની વ્યવસ્થાઓ ખોરવાતાં વાહકજન્ય રોગચાળો વકરવાની શક્યતાઓ વધી જવા પામી છે. બે દિવસ પહેલાં તંત્રએ ૧૩ જેટલા એકમોને નોટીસ થમાવ્યા બાદ હતા.

તંત્રએ આ વિસ્તારમાં એન્ટી લાર્વેલની કામગીરી ઉપરાંત પોરાનાશક કામગીરી પણ સઘન



આજે તંત્રએ ૧૬ એકમોને નોટીસ થમાવી દીધી છે.

શહેરમાં આજે મેલેરીયાતંત્રની ટીમોએ જીઆઈડીસી વિસ્તારમાં ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. ૧૩ જેટલા એકમોમાં મચ્છરોની ઉત્પત્તિ મળી આવેલ. આ ઉપરાંત વિવિધ સ્થાનો પર મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ જણાયા રીતે હાથ ધરી હતી.

ગાંધીનગર શહેરમાં હાલ વરસાદી પાણી ભરાઈ રહેતા ખાડાઓની સંખ્યા પણ વધી જવા પામી છે અને તંત્રની કામગીરી વધી છે.

૧૦મીના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની દ્વારા ચોમાસાની ઋતુને

● અનુસંધાન પાન-૭ પર

## સેકટર-૨૮માં ગુ.હા.બોર્ડના મકાનોમાં તોળાતું મોતનું સંકટ

**શહેરમાં સે. ૨૮ના ગુ. હાઉસિંગ બોર્ડના મકાનો ગમે ત્યારે ધરાશાયી થવાની પૂરેપૂરી સંભાવના છે : રહેવાસીઓ માટે અન્ય સ્થળ પર રહેવાની વ્યવસ્થા કરવા તાત્કાલિક પગલા લેવા જરૂરી છે**




ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં સેક્ટર-૨૮ સ્થિત ૪૦ વર્ષ જૂના ગુ. હાઉસિંગ બોર્ડના મકાનો ગમે તે સમયે ધરાશાયી થઈ શકે તેમ છે. ગઈકાલે જ મકાનની છત પરથી મોટા મોટા પોપડા પડતા ત્રણ લોકોના જીવ બચ્યાં છે. જો એક-બે સેકન્ડની ચૂક થઈ હોત તો ગંભીર અકસ્માત સર્જાયો હોત.

વરસાદી મોસમમાં સે. ૨૮ના હાઉસિંગ બોર્ડના મકાનોની હાલત ખરાબ બની છે. જો કે હાલત અગાઉ પણ ખરાબ જ હતી અને આ વરસાદના કારણે વધુ દયનીય બની ચૂકી છે. સે. ૨૮ હાઉસિંગ બોર્ડમાં મકાન નંબર ૫૮૭/૧૨ વાળુ આખું બિલ્ડીંગ ગમે તે સમયે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. દિવાલો જર્જરિત, સીડીઓ સડી ગયેલી, લીલ જામેલી હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે.

આ બિલ્ડીંગમાં કુલ ૧૧ જેટલા પરિવારો રહે છે. આ મકાનના રહેવાસીઓના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા હજી સુધી મકાન ખાલી કરવા માટે કોઈ નોટીસ અપાઈ નથી. મકાન રિનોવેશન માટે સાઈન કરાવીને ગયા છે પરંતુ ત્યારબાદ મતલબ કે ઘણા સમય સુધી હજી કોઈ રિનોવેશનની કામગીરી સુદ્ધા શરૂ કરાઈ નથી. મકાન રિનોવેશન માટેની મંજુરી મોટા ભાગના લોકોએ આપી દીધી છે પરંતુ તંત્ર દ્વારા કોઈ કામગીરી હાથ ધરાઈ નથી.

આ જર્જરિત મકાનોમાં રહેતા રહેવાસીઓની રાતોની ઊંઘ ઉડી ગઈ છે. કારણ કે ધોધમાર વરસાદમાં અને વીજળીના કડાકાથી આ જર્જરિત બિલ્ડીંગ ગમે તે સમયે ધરાશાયી થઈ શકે તેમ છે.

રહેવાસીઓ માટે કોઈ અન્ય રહેવાનો વિકલ્પ ન હોવાના કારણે તેમને મજબુરીથી આ મકાનોમાં રહેવું પડી રહ્યું છે. જો તંત્ર દ્વારા આ લોકો માટે અન્ય સ્થળ પર રહેવાની વ્યવસ્થા કરવામાં આવે તો તેઓ આ જર્જરિત બિલ્ડીંગ ખાલી કરવા માટે તૈયાર છે.

## મુખ્યમંત્રી આજે મુલાકાત માટે મળશે નહી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આવતી કાલે મંગળવારે તા. ૧૧મી જુલાઈએ નાગરિકો, પ્રજા વર્ગો તેમજ જનપ્રતિનિધિઓને મુલાકાત માટે મળી શકશે નહીં.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગર સંસદીય મતવિસ્તારની પૂર્વનિર્ધારિત બૃહદ બેઠકમાં સહભાગી થવાના હોવાથી આવતી કાલે સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે મુલાકાત માટે લોકોને મળશે નહિ.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com